## જન્મદિને વધામણી


દીપિકા શૈલેન્દ્રસિંહ ઠાકોર
મો. ૯૯૨૪૭ ૮૩૩૪૨


સરોજબેન બી ગોહેલ
મો. ૯૯૭૮૪ ૪૨૦૪૪


આદિત્ય સોબતી
મો. ૯૪૨૭૬ ૨૬૬૯૬

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મ-દિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય.
- સંપાદક




શ્રી સ્વામિનારાયણ ગાદીના આચાર્ય પુરુષોત્તમપ્રિયદાસજી સ્વામીની અધ્યક્ષતામાં શ્રી સ્વામિનારાયણ મંદિર, ભારાસર ખાતે આયોજિત શ્રી ઘનશ્યામ મહારાજ સુવર્ણ મહોત્સવ પ્રસંગે સંસ્થાન દ્વારા રૂા. ૧૬ લાખના ડોનેશનના ચેક વિવિધ સામાજિક સેવા માટે અર્પણ કરવામાં આવ્યા હતા તથા અજોડ મૂર્તિ નિર્ગુણદાસજી સ્વામીની ૨૦૦મી પ્રાગટ્ય જયંતિ ધામધૂમથી ઉજવાઈ હતી. જ્ઞાનમૂર્તિ સદગુરુ નિર્ગુણદાસજી સ્વામી બાપાના પ્રાગટ્ય દિન પર્વે આચાર્ય સ્વામીજી મહારાજે પૂજન, આરતી, પુષ્પાંજલિ, ગુણગાન, સ્તુતિ, પ્રાર્થના કરવામાં આવી હતી. આચાર્ય સ્વામી મહારાજે આશીર્વાદમાં જણાવ્યું હતું કે પ્રેમમૂર્તિ ભગવાન સ્વામીનારાયણે પ્રેમ રસાયણથી સામાજિક માનવજીવનને ધર્મમય બનાવી સંપૂર્ણ સત્સંગથી શિક્ષિત અને દિક્ષીત કર્યા. તેમણે વધુમાં જણાવ્યું હતું કે સદ્ભાવ શબ્દ બોલવો સરળ છે પરંતુ દિલથી નિષ્કપટ, નિખાલસ ભાવથી સદ્ભાવ દાખવવો કઠિન છે. આ પ્રસંગે કચ્છ યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર ચંદ્રસિંહ જાડેજા તથા બોર્ડર રેન્જના આઈજી એ કે જાડેજા ઉપસ્થિત રહ્યા હતા.

# એમડીએસની ખાલી બેઠકો ભરવા નીટનું રિઝલ્ટ ફરી જાહેર કરાશે

## દેશમાં પી. જી. ડેન્ટલની પાંચ હજારથી વધુ બેઠકો ખાલી : ગુજરાતમાં એમડીએસ માટે રિશફલિંગનો નવો કાર્યક્રમ ૨૦મી પછી જાહેર કરાશે

ગાંધીનગર, તા. ૧૪

સમગ્ર દેશની પોસ્ટ ગ્રેજ્યુએશન ડેન્ટલ કોલેજમાં પ્રવેશ માટે ચાલુ વર્ષે નીટના આધારે જ પ્રવેશ ફાળવવામાં આવ્યા છે. દેશની જુદી જુદી યુનિવર્સિટીઓ અને ડેન્ટલ કોલેજોની અંદાજે ૧૫ હજાર એમડીએસની બેઠકો માટે નીટ લેવામાં આવી હતી. જેમાં ૧૦૬૩૯ વિદ્યાર્થીઓ પાસ જાહેર થયા હતા. તાજેતરમાં એમડીએસમાં પ્રવેશ માટેના પૂરા થયેલા પહેલા રાઉન્ડના અંતે એમડીએસની અંદાજે પાંચ હજારથી વધારે બેઠકો ખાલી પડી હતી. એમડીએસની ક્રીમ ગણાતી બેઠકો ખાલી પડતાં હવે પ્રવેશ માટે અગાઉ નક્કી કરાયેલી લાયકાત એટલે કે પર્સન્ટાઈલ ઘટાડવાનો નિર્ણય કરાયો છે. આગામી દિવસોમાં નીટનું પરિણામ ફરીવાર જાહેર કરીને ઓછી ટકાવારી ધરાવતા ઉમેદવારોને પ્રવેશ માટેની તક આપવાનો મહત્વનો નિર્ણય કરવામાં આવ્યો છે.

અંડર ગ્રેજ્યુએશન મેડિકલ અને ડેન્ટલમાં પ્રવેશ માટે નીટ ફરજિયાત કરવામાં આવી છે. આજ રીતે પી.જી.મેડિકલ-ડેન્ટલ માટે પણ નીટ ફરજિયાત કરી દેવામાં આવી છે. આ વખતે પી.જી.મેડિકલ-ડેન્ટલમાં પ્રવેશ માટે ડિપ્લોમેટ નેશનલ બોર્ડ ન્યૂ દિલ્હી દ્વારા નીટની એકઝામ લેવામાં આવી હતી. સમગ્ર દેશની એમડીએસ એટલે કે માસ્ટર ઓફ ડેન્ટલ એન્ડ સર્જરીની ૧૫ હજાર જેટલી બેઠકો માટે નીટ લેવાની જાહેરાત કરવામાં આવી હતી. આ બેઠકો માટે કુલ ૧૯૬૦૪ ઉમેદવારોએ નીટ આપી હતી. જેમાંથી ૧૦૬૩૯ ઉમેદવારો નીટ પાસ કરવામાં સફળ રહ્યા હતા. તાજેતરમાં સમગ્ર દેશના જુદા જુદા રાજયો દ્વારા નીટના આધારે મેડિકલ અને ડેન્ટલમાં પ્રવેશ પ્રક્રિયા શરૂ કરવામાં આવી હતી. ગુજરાતમાં પી.જી.મેડિકલ-ડેન્ટલ પ્રવેશ સમિતિ દ્વારા આ કાર્યવાહી કરવામાં આવી હતી. પહેલા રાઉન્ડના અંતે ગુજરાતમાં ૧૨૭ જેટલી પી.જી.ડેન્ટલની બેઠકો ખાલી પડી હતી. આજ રીતે સમગ્ર દેશમાં એમડીએસની અંદાજે ૫ હજાર જેટલી બેઠકો ખાલી પડી હતી. માસ્ટર ડિગ્રીની આટલી મોટી સંખ્યામાં બેઠકો ખાલી પડતાં નેશનલ બોર્ડ દ્વારા એમડીએસમાં પ્રવેશ માટેના ધારાધોરણોમાં ઘટાડો કરવાનો મહત્વનો નિર્ણય કર્યો હતો. અત્યાર સુધી એમડીએસમાં પ્રવેશ માટે નિર્ધારીત કરાયેલા ધારાધોરણોમાં ઓપન કેટગરી માટે ૫૦ ટકા પર્સન્ટાઈલ, અનામત કેટેગરીના વિદ્યાર્થીઓ માટે ૪૦ ટકા અને દિવ્યાંગ વિદ્યાર્થીઓ માટે ૪૫ ટકા પર્સન્ટાઈલ રાખવામાં આવ્યા હતા. નીટનું પરિણામ આ ધારાધોરણોના આધારે જાહેર કરવામાં આવ્યું હતું.

દરેક રાજયોમાં પહેલા રાઉન્ડની પ્રવેશ પ્રક્રિયા આજ ધારાધોરણો પ્રમાણે પૂર્ણ કરી દેવામાં આવી છે. હવે આ ધારાધોરણોમાં ધરખમ ઘટાડો કરીને નવેસરથી નીટનું પરિણામ જાહેર કરવામાં આવશે. જેમાં ઓપન કેટેગરી માટે ૪૨.૫, ટકા પર્સન્ટાઈલ, અનામત કેટેગરી માટે ૩૨.૫ અને દિવ્યાંગ વિદ્યાર્થીઓ મોટ ૩૭.૫ ટકા પર્સન્ટાઈલ હોય તેમને એમડીએસમાં પ્રવેશ માટે લાયક ગણવાનું નક્કી કરાયું છે. આ માટે નવેસરથી નીટનું પરિણામ જાહેર કરવામાં આવશે. આ નીટના પરિણામમાં નવા ધારાધોરણ પ્રમાણે જે વિદ્યાર્થીઓ પ્રવેશ માટે લાયક બન્યા હોય તેઓએ નવેસરથી અરજી કરવાની રહેશે.

## ડાયરેક્ટ ❤ સે

આ હૉસ્પિટલ એટલે શું? પૃથ્વીથી સ્વર્ગ જતાં રસ્તામાં જે 'ટોલ નાકું' આવે એ હૉસ્પિટલ!

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૧**
બાહુબલિ-૨
૩.૦૦, ૬.૩૦
૧૦.૦૦
**સ્ક્રીન-૨**
બાહુબલિ-૨
૧૨.૩૦
સરકાર-૩
૩.૪૫, ૬.૪૫,
૯.૪૫
**સ્ક્રીન-૩**
મેરી પ્યારી બિંદુ
સવારે ૧૦.૦૦, ૧૨.૩૦
૩.૦૦, ૮.૦૦, ૧૦.૩૦
ગાર્ડીયન ઑફ ધી ગૅલેક્સી
(અંગ્રેજી, ૩ડી)
૫.૩૦
**સ્ક્રીન-૪**
સરકાર-૩
૧૨.૪૫
**સ્ક્રીન-૪**
સરકાર-૩
સવારે ૧૦.૦૦
બાહુબલિ-૨
૧.૪૫, ૫.૦૦, ૮.૩૦

# ડિગ્રી એન્જિનિયરિંગમાં પ્રવેશ માટેની કાર્યવાહી શરૂ

## પાંચ કોલેજોને મંજૂરી મળતાં હયાત બેઠકોમાં ૧૨૬૦ બેઠકોનો વધારો થયો : કુલ ૬૮૩૪૩ બેઠકો માટે કાર્યવાહી

ગાંધીનગર, તા. ૧૪

ધો.૧૨ સાયન્સનું પરિણામ જાહેર થયા બાદ ડિગ્રી એન્જિનિયરિંગમાં પ્રવેશ માટેની કાર્યવાહી શરૂ કરી દેવામાં આવી છે. ગુજકેટનું પરિણામ આવે તે પહેલા હાલમાં ડિગ્રી એન્જિનિયરિંગની પાંચ કોલેજોને ચાલુ વર્ષ એઆઈસીટીઈ દ્વારા મંજૂરી આપી દેવામાં આવી છે.

પાંચ કોલેજોને મંજૂરી મળતાં હયાત બેઠકોમાં ૧૨૬૦ બેઠકોનો વધારો થયો છે. આ વધેલી બેઠકો સાથે હવે ડિગ્રી એન્જિનિયરિંગની કુલ ૬૮૩૪૩ બેઠકો માટે કાર્યવાહી કરવામાં આવશે.

ઓલ ઈન્ડિયા કાઉન્સિલ ઓફ ટેકનિકલ એજ્યુકેશન (AICTE) દ્વારા ચાલુ વર્ષે પાંચ નવી ડિગ્રી ઈજનેરી કોલેજોને મંજૂરી આપવામાં આવી છે. આ પાંચ કોલેજોમાં ગણપત યુનિવર્સિટીમાં કોમ્પ્યૂટર સાયન્સ એન્ડ ઈજનેરી (કલાઉડ બેઝર્ડ એપ્લિકેશન)ની ૪૦, કોમ્પ્યૂટર સાયન્સ એન્ડ ઈજનેરી (મોબાઈલ એપ્લિકેશન)ની ૨૦ અને કોમ્પ્યૂટર સાયન્સ (બીગ ડેટા એન્ડ એનાલીસીસ)ની ૬૦ બેઠકો મળી કુલ ૧૨૦ બેઠકો માટે મંજૂરી આપવામાં આવી છે.

આ જ રીતે પી.પી.સવાણી સ્કૂલ ઓફ ઈજનેરીની કેમિકલ, સિવિલ, કોમ્પ્યૂટર, આઈ.ટી., મિકેનિકલ અને ટેક્સટાઈલ્સની દરેક બ્રાન્ચમાં ૬૦ બેઠકો લેખે ૩૬૦ બેઠકોની મંજૂરી આપવામાં આવી છે. આ ઉપરાંત આણંદમાં દેવાંગ પટેલ ઈન્સ્ટિટયૂટને કોમ્પ્યૂટર ઈજનેરી, કોમ્પ્યૂટર સાયન્સ અને આઈ.ટી.ની બ્રાન્ચમાં ૬૦ બેઠકો લેખે ૧૮૦ બેઠકોની મંજૂરી આપવામાં આવી છે.

દહેગામમાં એફ. ડી. (મુબીન) ઈજનેરી કોલેજને સિવિલ, કોમ્પ્યૂટર, ઈલેક્ટ્રિક, આઈ.ટી., મિકેનિકલની બ્રાન્ચમાં ૬૦ બેઠકો લેખે ૩૦૦ બેઠકોની મંજૂરી મળી છે.

જયારે સુરતની ભગવાન અરિહંત ઈન્સ્ટિટયૂટને એરોનોટિકલ, કેમિકલ, કોમ્પ્યૂટર, નેનો ટેકનોલોજી અને રોબેટિક્સ બ્રાન્ચમાં ૬૦ બેઠકો લેખે ૩૦૦ બેઠકોની મંજૂરી આપવામાં આવી છે.

આમ, પાંચ કોલેજોમાં મળીને કુલ ૧૨૬૦ બેઠકોનો વધારો થયો છે. આ વધારાની બેઠકો સાથે કુલ ૬૮૩૪૩ બેઠકો માટે હવે પ્રવેશ સમિતિ દ્વારા કાર્યવાહી કરવામાં આવશે. નોંધનીય છે કે આ વખતે એ ગ્રૂપનું પરિણામ જોતાં પાસ થયેલા તમામ વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવી શકાય એ શક્ય લાગતું નથી.

# અમદાવાદની ૧૯ સ્કૂલ્સ દ્વારા ફી ઘટાડાનો સ્વૈચ્છિક નિર્ણય

ગાંધીનગર, તા. ૧૪

અમદાવાદની ૧૯ જેટલી સ્કૂલોએ સ્વૈચ્છિક રીતે ફી ઘટાડો કરી સરકારે નક્કી કરેલા ધોરણ જેટલી ફી લેવાનો નિર્ણય લીધો છે. પ્રાથમિક સ્કૂલોમાં સરકાર દ્વારા રૂ. ૧૫ હજાર ફી નક્કી કરવામાં આવી છે, પરંતુ જો સ્કૂલોએ આ ફી કરતા વધુ ફી લેવી હોય તો કમિટી સમક્ષ જવાનું રહેશે. પરંતુ અમદાવાદની સ્કૂલોએ કમિટી સમક્ષ જવાના બદલે પોતાની હયાત ફીમાં પણ ઘટાડો કરી સરકારના ધોરણ મુજબની ફી લેવાનું નક્કી કર્યુ છે. જેમાં ૧૯ જેટલી સ્કૂલોએ રૂ. પાંચ હજાર સુધીનો ફી ઘટાડો કર્યો હોવાનું જાણવા મળે છે. આ સ્કૂલોએ પોતાની ફી રૂ. ૧૫ હજાર અથવા તો તેના કરતા ઓછી લેવાનું નક્કી કર્યું છે.

પ્રાપ્ત માહિતી અનુસાર રાજય સરકાર દ્વારા વિધાનસભામાં ખાનગી શાળા ફી નિયમન વિધેયક પસાર કર્યો હતો અને રાજયની સરકારી સ્કૂલોની ફી રૂ. ૧૫ હજાર, માધ્યમિક સ્કૂલોની ફી રૂ. ૨૫ હજાર અને ઉચ્ચતર માધ્યમિક સ્કૂલોની ફી રૂ. ૨૭ હજાર નક્કી કરી હતી. જો સ્કૂલો સરકારે નક્કી કરેલા ધોરણ કરતા વધુ ફી લેવા માંગતી હોય તો તેમણે ફી કમિટી સમક્ષ પોતાના હિસાબો રજૂ કરવાના રહેશે અને તેના આધારે કમિટી દ્વારા ફી નક્કી કરવામાં આવશે.

દરમિયાન અમદાવાદની સ્કૂલો પણ સરકારે નક્કી કરેલા ધોરણ મુજબની ફી ઉઘરાવે તે માટે શહેર ડીઈઓ અને ડીપીઈઓ મહેશ મહેતા દ્વારા પ્રયાસ શરૂ કરાયા હતા. જેમાં તેમણે સ્કૂલ સંચાલકોને બોલાવી તેમની ફી સરકારના ધોરણ મુજબ રાખવામાં આવે તે માટે કહ્યું હતું. જેના પગલે ૧૯ જેટલી સ્કૂલો કે જેની ફી સરકાર દ્વારા નક્કી કરાયેલા ધોરણ કરતા વધુ હતી તેમણે તાત્કાલીક ફી ઘટાડો કરવાનો નિર્ણય લીધો હતો. આ સ્કૂલોમાં સરેરાશ ફી રૂ. ૧૫ હજાર કરતા વધુ હતી. જેથી તેમણે ફીમાં ઘટાડો કરી રૂ. ૧૫ હજાર સુધીની ફી રાખવાનું નક્કી કર્યુ છે. જયારે અમુક સ્કૂલોએ તો રૂ. ૧૫ હજાર કરતા પણ ઓછી ફી રાખવાનો નિર્ણય લીધો છે. આ ઘટાડાનો લાભ વાલીઓને મળશે. આમ, અમદાવાદની સ્કૂલોએ પહેલી કરી પોતાની ફીમાં ઘટાડો જાહેર કરતા હવે અન્ય સ્કૂલો પણ તેમને જોઈ આગળ આવે તેવી આશા શિક્ષણ વિભાગ રાખી રહ્યું છે.

# રાજ્ય સરકાર દ્વારા 'મા' યોજનાનો વ્યાપ વધારાયો

ગાંધીનગર, તા. ૧૪

રાજય સરકાર દ્વારા ગરીબ અને મધ્યમ વર્ગને ગંભીર બીમારીમાં સારવારનો ખર્ચ આપતી લોકપ્રિય એવી 'મા' યોજનાના વ્યાપમાં વધારો કરીને અનેક સુપર સ્પેશિઆલિટી સંલગ્ન સારવાર, થેરાપી અને પધ્ધતિનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. અત્યાર સુધી ૨૦૬ જેટલી સારવારની પ્રોસીજરનો સમાવેશ કર્યો હતો તેમાં વધુ ૯૫નો ઉમેરો કરવામાં આવ્યો છે. તે સાથે ૧૩૯ પ્રોસીજરના પેકેજ દરમાં વધારો કરવામાં આવ્યો છે જેથી વધુ ખાનગી હોસ્પિટલો પણ આ યોજના સાથે જોડાઈ શકે. હવેથી હૃદયના રોગની સારવારમાં મેડિકેટેડ સ્ટેન્ટ, હૃદયનો પમ્પ, કાયમી કેથેટર પ્લેસમેન્ટ, કરોડરજ્જુના ખોડખાંપણની સર્જરી અને કેન્સરના રોગમાં કેટલીક થેરાપીનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. ચાલુ વર્ષે સરકાર દ્વારા આ યોજનામાં ૫૦૦ કરોડ રૂપિયાની ફાળવણી કરવામાં આવી છે. મુખ્યમંત્રી વિજય રૂપાણીને સંસ્થાઓ, નાગરિકો અને હોસ્પિટલો દ્વારા મા યોજના અંગે વિવિધ રજૂઆતો મળી હતી. જેને લઈને યોજનાનો વ્યાપ વધારીને કેટલાક ફેરફાર કરાયા છે. જેમાં ગરીબી રેખા હેઠળ જીવતા કુટુંબો તેમજ ૧.૫૦ લાખથી ઓછી આવક ધરાવતા મધ્યમ વર્ગના પરિવારોને ૭ જેટલી ગંભીર બીમારીમાં કુટુંબદીઠ વાર્ષિક બે લાખ રૂપિયા સુધીની કેશલેસ સારવાર અપાય છે. આરોગ્ય મંત્રી શંકર ચૌધરીએ વધુ માહિતી આપતા જણાવ્યું હતું કે, હૃદય, કિડની અને મગજનાના ગંભીર રોગ, ગંભીર ઈજાઓ, નવજાત શિશુના ગંભીર રોગ, કેન્સરના ગંભીર રોગ વિગેરેની ૫૪૪ પ્રોસીજર નિયત કરવામાં આવેલી છે તેમાંથી, દાઝી ગયા હોય તેવા રોગની ૨૨, હૃદયની ૧૫૩, કિડનીને લગતી બાવન, મગજના રોગની ૪૯, નવજાત શિશુની ૨૯, ગંભીર ઈજાને લગતી ૩૩ તથા કેન્સરના રોગની ૨૦૬ પ્રોસીજરનો સમાવેશ કરાયો હતો. તેમાં વધુ ૯૫નો ઉમેરો કરવામાં આવ્યો છે.

જેમાં દાઝી ગયા હોય તેવા રોગની બે, હૃદયની ૯, કિડનીને લગતી ૩, મગજના રોગની ૪૭, નવજાત શિશુના રોગની ૯, ગંભીર ઈજાની સારવારની ૪ અને કેન્સરના રોગની ૨૧ પધ્ધતિનો સમાવેશ કરવામાં આવ્યો છે. હવે મેડકિલ ન્યુરોલોજીની પ્રોસીજરનો સમાવેશ થતા કન્ઝર્વેટીવ મેનેજમેન્ટ એટલે કે લકવા અને ખેંચ, કિડની ડાયાલિસિસ માટે કાયમી કેથેટર, પ્લેસમેન્ટની સારવાર, થેલેસેમીયાથી પિડાતા નવજાત શિશુમાં સ્પ્લેનેકટોમીની સર્જરી, કરોડરજ્જુની ખોડ ખાંપણની સર્જરી, કેન્સરને લગતા હરસેપ્ટીન ઈન્જેક્શન, પેટ સ્કેનની તપાસ, રેડીયો આયોડીન થેરાપી, ઈન્ટ્રાલ્યુમીનલ બ્રેકી થેરાપી અને લેસર સર્જરી વિગેરેનો પણ લાભ લાભાર્થીઓને આપવામાં આવશે. તે સાથે હોસ્પિટલોની પેકેજ દર સુધારવાની રજૂઆતો હતી અને દર્દીઓને અદ્યતન સારવાર મળે તેમ માટે ૫૪૪ પ્રોસીજર પૈકી ૧૩૯ પ્રોસીજરના પેકેજ દરમાં વધારો કરવામાં આવ્યો છે જેથી વધુ ખાનગી હોસ્પિટલો જોડાય અને તેમને પૂરતું વળતર મળતા ગુણવત્તાસભર સારવાર મળી રહે.

# સમયની દિવાલ ફાડીને યાદોનો પીપળ ઊગ્યો





## જીઈબી કૉલોની સ્થિત સ્વામી યોગાનંદ વિદ્યાલયમાંથી ૧૯૯૨માં એસએસસી પાસ થયેલા વિદ્યાર્થીઓ પચીસ વર્ષના લાંબા અંતરાલ બાદ વિદ્યાલય ખાતે જ એકત્ર થયા

'તું હબીબ તો નહીં?'

'અને તું કામિની, રાઈટ?'

શાળામાં સાથે અભ્યાસ કરનારા મિત્રો વર્ષો પછી એકબીજાને મળે અને ઓળખવાનો સફળ-નિષ્ફળ પ્રયાસ કરે એવાં દૃશ્યો તાજેતરમાં સ્વામી યોગાનંદ વિદ્યાલય, જીઈબી કૉલોની ખાતે જોવા મળ્યાં હતાં.

૧૯૯૨માં આ વિદ્યાલયમાંથી ઍસઍસસી પાસ થયેલા વિદ્યાર્થીઓ પચીસ વર્ષના લાંબા અંતરાલ બાદ ૮મી મે, ૨૦૧૭ના રોજ વિદ્યાલય ખાતે જ એકત્ર થયા અને પછી હવે સતત એકમેકના સંપર્કમાં રહીશું એવી પરસ્પર ખાતરી આપતા ગયા.

આ મુલાકાતનો મૂળ વિચાર આશિષ જોષી, કરણ નેહરા, વિપુલ ગજ્જર અને જિજ્ઞાસાનો. પરંતુ પચીસ વર્ષ પહેલાં વિખૂટા પડેલા મિત્રોને શોધવા એ અઘરું તો હતું. એમણે સોશિયલ મીડિયાનો સહારો લીધો અને મિત્રો મળતા ગયા. ફેસબૂક અને વૉટ્સઍપનો સકારાત્મક ઉપયોગ શું હોય એનો અનુભવ તેમને આ કાર્ય દરમિયાન થયો. મિત્રોની સંખ્યા પર્યાપ્ત થતાં તેમણે સ્નેહમિલન કાર્યક્રમનું આયોજન કર્યું અને આ આયોજનમાં સ્વામી યોગાનંદ વિદ્યાલયને પણ સાંકળી, વિદ્યાલયમાં જ મળવાનું નક્કી થયું, સૌ મળ્યાં ને સમયની મજબૂત દિવાલને ફાડીને યાદોનો પીપળ ઊગી નીકળ્યો. એની ઘેઘૂર, મીઠી છાંય સૌએ માણી, વખાણી ને એ છાંયની ઓથે ફરી-ફરીને આવવાનો અભિપ્રાય સૌએ વ્યક્ત કર્યો એ આ પ્રસંગની સફળતા.

ગાંધીનગર, અમદાવાદમાં રહેતા મિત્રો આ સ્નેહમિલનમાં પધારે એ વાત સૌને સહજ લાગતી હતી, પરંતુ કૅનેડામાં સ્થાયી થયેલી કેતલ પટેલ પણ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહે એ સૌ માટે આશ્ચર્ય અને અનહદ આનંદની વાત હતી.



knn786@gmail.com

સૌ મિત્રો સવારે ૧૦ વાગ્યે વિદ્યાલયમાં મળ્યા અને કોઈ તીર્થસ્થાનની મુલાકાત લેતાં હોય એમ આખીય શાળામાં ફરી વળ્યા. રમતના મેદાનમાં ચક્કર લગાવ્યા, સ્કૂલની લૉબીમાંય ફર્યા ને પોતે જે વર્ગમાં બેસીને અભ્યાસ કર્યો હતો તે વર્ગમાં જઈને પોતપોતાની બૅન્ચ ઉપર પણ બેઠા. સૌએ પોતાનાં ને મિત્રોનાં સંભારણાં વાગોળ્યાં. શાળાનું આ સ્નેહાળ વળગણ કોઈને રોમાંચ આપી ગયું તો કોઈની આંખોમાં આંસૂ લાવવા જવાબદાર બન્યું. સરવાળે સૌ કોઈ લાગણીથી ભીંજાયા.

આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા તેમણે પોતાના શિક્ષકોને પણ નિમંત્રણ આપ્યું હતું. શિક્ષકોને સાથે રાખીને સૌ હૉટેલ ઘુંઘટના કૉન્ફરન્સ રૂમમાં એકત્ર થયા. શિક્ષકોને પુષ્પ અને સ્મૃતિચિહ્ન આપીને સન્માનિત કર્યા. સ્કૂલના વર્તમાન આચાર્ય ગોવિંદભાઈ નસીત, શિક્ષક મોહનભાઈ પટેલ, દિવાકરભાઈ પંડ્યા, અરવિંદભાઈ પટેલ, જયંતીભાઈ પટેલ, ભરતભાઈ જાધવ, ભાનુબેન પટેલ, મનોજભાઈ શર્મા, ચેતનાબેન આ પ્રસંગે ઉપસ્થિત રહ્યાં હતાં. શિક્ષકોએ વર્ષો પછી પુનઃ વિદ્યાર્થીઓને ઉદ્બોધન કર્યું ને પુનઃ સૌની આંખો ભીંજાઈ.

ઉપસ્થિત રહેલાઓને જ અહીં યાદ કરાયા એવું નહોતું. જે શિક્ષકો આ દુનિયામાં રહ્યા નથી તેમને શ્રદ્ધાંજલિ પણ આ પ્રસંગે સૌ દ્વારા અર્પણ કરવામાં આવી હતી.

સાથે જમીને સૌ સદેહે તો છૂટા પડ્યા પણ મનથી છૂટા ન પડી શક્યા અને હવે કાયમ સંપર્કમાં રહેવાનો વાયદો પરસ્પર સૌએ કર્યો. પ્રતિ વર્ષ સૌએ આ રીતે એક વખત મળવું એવોય સંકલ્પ લેવાયો.

આ સ્નેહમુલાકાતની એવી તો અસર રહી કેટલાક મિત્રોનાં મન ઉપર કે એ પછીય પાંચેક દિવસ સુધી ગાંધીનગરમાં જ રોકાઈને દરરોજ રાત્રે મહેફિલ જમાવવાનો ઉપક્રમ એ લોકોએ યોજ્યો અને જૂની યાદોને તાજી કરતા રહ્યા.

આ કાર્યક્રમમાં આશિષ, કરણ, વિપુલ, કનક, અરવિંદ, નિરંજન, જિજ્ઞાસા, કામિની, હેમાંગિની, કેતલ, નયના, ઉદયન, ગીતા, કલ્પના, મહંમદહબીબ, જીવાનસિંહ, હિતેષ સહિતના મિત્રો ઉપસ્થિત રહ્યા હતા.

સમગ્ર કાર્યક્રમનું સફળ આયોજન આશિષ, કરણ અને વિપુલ દ્વારા અને સ્નેહમિલન સમારોહનું સંચાલન મહંમદહબીબ શેખ દ્વારા કરવામાં આવ્યું હતું.